સરળ ફાઈનાન્સ ઉપલબ્ધ
ઓછું ડાઉનપેમેન્ટ
RENAULT KIGER
sporty smart stunning

DHIR AUTOMOBILES
JAMNAGAR
Meldi Mataji Mandir Lane, Rajkot Highway, Hapa, Jamnagar
FOR BOOKING 75318 78787

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2022-2025
At Posted Jamnagar gly. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા
જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

Page 8 Price : ₹ 3.50

નોબત

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT),
9 JULY 2024, TUESDAY • Vol. No. 68 • PRICE ₹ 3.50 • ISSUE No. 049

સસ્તું અને સારું ઈલેક્ટ્રીક સ્કૂટર
ફક્ત યુનાઈટેડ એજન્સીમાંથી જ...

૪૬૫૦૦ થી શરૂ*
New generation Electric scooter
Battery Power : Gel Bettery - 60V/72V
Consumption : 1-1.5 Unit
Mileage Per Full Charge : 75-90 KMs
UNITED AGENCY
ELECTRIC SCOOTER
Address : Khodiyar Colony, Nr. Maher Samaj, Khira Complex, Ground Floor, Jamnagar
Ph.0288-2664181 M. 93131 21586 - 63559 48600

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

રશિયન સેનામાં ફસાયેલા ભારતીયો ટૂંક સમયમાં સ્વદેશ પરત ફરશેઃ પુતિને સ્વીકારી મોદીની અપીલઃ મોદી-પુતિન પ્રાઈવેટ ડીનર યોજાયું

રશિયામાં ભારતના બે નવા દૂતાવાસ ખુલશેઃ ઉષ્માભરી મિત્રતા અતૂટઃ પીએમ મોદી

મોસ્કો તા. ૯: રશિયામાં ૭ ભારતના બે નવા દૂતાવાસ ખોલવાની ૭ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના રશિયાના પ્રવાસ દરમિયાન જાહેરાત કરી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કર્યું હતું અને પ્રાઈવેટ ડીનર આપ્યું હતું. ભારત-રશિયાની અતૂટ મિત્રતા વર્ણવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સમુદાયને સંબોધિત દરમિયાન ભારતને ડિજિટલ ટ્રાન્ઝેક્શનનું મોટું મોડલ ગણાવી પોતે ત્રીજી વખત વડાપ્રધાન બન્યા, તેનો ઉલ્લેખ કરીને વિકસીત ભારતનું લક્ષ્ય સમજાવ્યું છે.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને કર્યું રેડ કાર્પેટથી ભવ્ય સ્વાગતઃ ભારતીય સમુદાયને સંબોધનઃ ભારતને ગણાવાયું ડિજિટલ ટ્રાન્ઝેક્શનનું મોટું મોડલઃ હવે થશે દ્વિપક્ષીય મંત્રણા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાના બે દિવસના પ્રવાસે છે. તેઓ સોમવારે (૮ જુલાઈ) મોસ્કો પહોંચ્યા હતાં જ્યાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને તેમનું રેડકાર્પેટ પાથરીને ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારે આજે વડાપ્રધાન મોદી મોસ્કોમાં ભારતીય સમુદાયની મુલાકાતે પહોંચ્યા હતાં. જ્યાં તેઓએ રશિયામાં સ્થાયી થયેલા ભારતીય સમુદાયને સંબોધન કર્યું હતું.

ભારતીય સમુદાયને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'હું આજે તમારી સાથે એક સારા સમાચાર શેર કરવા માગુ છું. રશિયાના કઝાન અને યાકેટરિમ્બર્ગમાં ભારતના બે નવા કોન્સ્યુલેટ ખોલવામાં આવશે. જેનાથી અહીં આવવા જવા તેમજ વ્યાપર વધુ સરળ બનશે.' વધુમાં કહ્યું કે, 'રાષ્ટ્રપતિ પુતિને યુદ્ધ ક્ષેત્રમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. રાષ્ટ્રપતિ પુતિનના ૨૦ વર્ષના શાસન દરમિયાન બન્ને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બન્યા છે. ભારત-રશિયા મિત્રતા હંમેશાં સકારાત્મક છે. રાજ કપૂર અને મિથુન ચક્રવર્તીએ બન્ને દેશો વચ્ચેની મિત્રતા મજબૂત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.'

વડાપ્રધાન મોદીએ પોતાની અગાઉની મુલાકાતની વાત કરતા જણાવ્યું કે, 'છેલ્લા ૧ વર્ષમાં છ વખત રશિયા આવ્યો છું અને અમે (પુતિન) છેલ્લા દસ વર્ષમાં ૧૭ વખત મળ્યા છીએ. હું મારા મિત્ર રાષ્ટ્રપતિ પુતિનનો અભારી છું. ભારત અને રશિયા ખભે ખભા મિલાવીને ચાલી રહ્યા છે. ભારત અને રશિયા વચ્ચે અનોખો સંબંધ છે. હું રશિયા સાથેના અનોખા સંબંધોનો

ચાહક છું. બન્ને દેશો વચ્ચે મિત્રતા હંમેશાં અકબંધ રહેશે. દર વખતે અમારી મિત્રતા વધુ મજબૂત બની છે. રશિયન ભાષામાં ડ્રુઝહબાનો અર્થ હિન્દીમાં મિત્રતા થાય છે. આ શબ્દ બન્ને દેશો વચ્ચેના સંબંધોને દર્શાવે છે.'

ભારત અને રશિયાના સંબંધોની વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ભારતીય સમુદાયના લોકો ભારત અને રશિયા વચ્ચેના સંબંધોને આગળ લઈ જઈ રહ્યા છે. રશિયા ભારતના સુખ-દુઃખનું સાથી છે. ભારત અને રશિયાની મિત્રતા હંમેશા ઉષ્માભરી રહી છે. આ સંબંધ પરસ્પર વિશ્વાસના આધારે બનેલો છે. અહીં ઘરે ઘરે સર પર લાલ ટોપી, ગીત ગવાતું. આ ગીત ભલે જુનું થઈ ગયું હોય, પણ લાગણી હજુ પણ એવી જ છે. હું ભારત-રશિયા સંબંધોનો ચાહક છું. અમારા સંબંધોની મજબૂતાઈ ઘણી વખત ચકાસવામાં આવી છે અને દરેક વખતે વધુ મજબૂત બની છે.'

પડકારને મારા ડીએનએમાં છે. અમે અત્યાર સુધી જે વિકાસ કર્યો છે તે માત્ર ટ્રેલર છે. આગામી ૧૦ વર્ષમાં સ્ટ્રિક્ટ ડકટરલી મેન્યુફેક્ચરીંગ, ગ્રીન હાઈડ્રોનથી ગ્રીન વ્હિકલ સુધીની ભારતની નવી ગતિ વિશ્વના વિકાસનું પ્રતીક બની રહેશે. વિશ્વ વિકાસનું પ્રકરણ લખશે. વૈશ્વિક સ્તરે ૧૫ ટકા વિકાસમાં ભારતનો હિસ્સો છે. આવનારા સમયમાં વધુ વિસ્તરણ થવાની ખાતરી છે.

આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, 'ભારત તેના ૧૪૦ કરોડ નાગરિકોની સામર્થ્ય પર વિશ્વાસ રાખે છે. વિશ્વભરમાં ફેલાયેલા ભારતીયોની ક્ષમતા પર વિશ્વાસ અને ગર્વ છે. જેના કારણે ભારત બદલાઈ રહ્યું છે. ભારત ડિજિટલ ટ્રાન્ઝેક્શનું સૌથી મોટું મોડલ છે. આજે ભારત સખત મહેનત કરી રહ્યું છે. વિદેશમાં રહેતા ભારતીયોને આજે ભારત પર ગર્વ છે. દેશવાસીઓએ વિકસિત ભારતીયો માટે સંકલ્પ લીધો છે.'

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે આજે હું અહીં એકલો નથી આવ્યો પરંતુ મારી સાથે દેશની માટીની સુગંધ લઈને આવ્યો છું. હું ૧૪૦ કરોડ દેશવાસીઓનો પ્રેમ લઈને આવ્યો છું. આજે ૯ મી જુલાઈ છે, આ દિવસની ખાસ વાત એ છે કે આ દિવસે મે વડાપ્રધાન તરીકે શપથ લીધા હતાં. આ રીતે મને ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધાને એક મહિનો થઈ ગયો છે.

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

યુદ્ધ અટકાવવા ફરીથી પુનિતને અપીલ

વ્લાદિમીર પુતિન સાથેની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ ફરી એકવાર તેમના મહત્ત્વપૂર્ણ સંદેશને પુનરાવર્તિત કર્યો કે આ યુદ્ધનો સમય નથી. સુત્રોને ટાંકીને એવું કહેવામાં આવ્યું છે કે પીએમ મોદીએ યુક્રેન યુદ્ધનો રાજદ્વારી ઉકેલ શોધવા પર ભાર મૂકયો હતો અને રશિયન રાષ્ટ્રપતિને કહ્યું હતું કે યુદ્ધના મેદાનમાં ઉકેલ શોધી શકાતો નથી. ભારતનું વલણ આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે તેની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે અને વિનંતી કરે છે કે સંઘર્ષને બદલે વાતચીત દ્વારા ઉકેલ શોધવો જોઈએ. સપ્ટેમ્બર-૨૦૨૨ માં ઉઝબેકિસ્તાનની રાજધાની સમરકંદમાં એસસીઓ સમિટ દરમિયાન પીએમ મોદીએ પુતિનને કહ્યું હતું કે આ યુદ્ધનો યુગ નથી. બાદમાં તે જ વર્ષે નવેમ્બરમાં જી-૨૦ બાલી ઘોષણામાં આ રેખાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પશ્ચિમી નેતાઓ અને વાટાઘાટકારોએ પીએમ મોદીના આ નિવેદનની પ્રશંસા કરી અને તેનો ઉપયોગ રશિયા પર યુદ્ધ સમાપ્ત કરવા માટે દબાણ બનાવવા માટે કર્યો હતો.

ન્યાયની દેવડીયે સૌ કોઈ સમાન... 'નીટ'નો મુદ્દો હોય કે હિંસાની હેવાનિયત... અદાલતની અટારી અને સત્યની પહેચાન....

મુંબઈ જળબંબાકાર થઈ ગયુ અને ગુજરાત સહિતના દેશના કેટલાક વિસ્તારોમાં સારો એવો વરસાદ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રશિયાનો પ્રવાસ ચર્ચામાં છે અને કોંગી નેતા રાહુલ ગાંધી મણીપુરના પ્રવાસ પછી રાયબરેલીની મૂલાકાતે જઈ રહ્યા છે. કુદરત અને રાજનીતિએ કરવટ બદલી છે અને દેશભરમાં નવી જ હવા ચાલી રહેલી જોવાય છે. મેઘાવી માહોલ અને બફારા-ઉકળાટ-ગરમી વચ્ચે જ્યાં જ્યાં વરસાદ થાય છે ત્યાં ત્યાં ખુશીની લહેર દોડી જાય છે અને ભીની માટીની મહેક દિલો-દિમાગને તાજગીથી ભરી દેતી હોવાથી એક અલગ જ પ્રકારની પ્રસન્નતા ફેલાઈ રહી છે. હાલારમાં પણ એકંદરે સારો વરસાદ પડી રહ્યો છે. જેથી જગતનો તાત અષાઢી બીજનું મુહૂર્ત સાચવ્યા પછી ખેતીવાડીના કામે લાગી ગયો છે.

આપણાં દેશમાં લોકોનો દૃઢ વિશ્વાસ ન્યાયતંત્ર પર છે અને તેમાં પણ ઉચ્ચ અદાલતો અને સર્વોચ્ચ અદાલતોની વિશ્વસનિયતા ટોચ પર છે, તેથી જ જ્યારે જ્યારે કોઈને અન્યાય થતો હોય ત્યારે ત્યારે ઉચ્ચ અદાલતો તથા સર્વોચ્ચ અદાલતે ન્યાયની પુનઃ સ્થાપના કરતા નિર્ણયો આપ્યા છે, અને અનેક સદીઓ જુના વિવાદો પણ જ્યારે જ્યારે ઉચ્ચ અદાલતો અને સર્વોચ્ચ અદાલતે ઉકેલ્યા છે, ત્યારે ત્યારે દેશની જનતાએ તેને માથે ચડાવ્યા છે. ઘણાં સામૂહિક અને અન્યાય કે હત્યાકાંડોના કેસો તથા વિવાદાસ્પદ બાબતોમાં કોઈની પણ શેહ શરમમાં આવ્યા વિના માત્ર બંધારણીય અને ન્યાયસંગત ફેસલાઓ અદાલતોએ આપ્યા છે, અને તેથી જ દેશની જનતાનો સર્વાધિક વિશ્વાસ અદાલતો તથા દેશની સેનાની ત્રણેય પાંખો પ્રત્યે અડગ જ રહ્યો છે કારણ કે દેશની સેનાએ પણ અણીના સમયે ઘણી વખત રાષ્ટ્રહિત માટે નિર્ણાયક ભૂમિકાઓ અદા કરી છે.

'નીટ'ની પરીક્ષાએ અત્યારે સૌથી વધુ વિવાદાસ્પદ મુદ્દો છે અને તેની સુનાવણી સુપ્રિમ કોર્ટમાં ચાલી રહી છે, અત્યારે નીટની પરીક્ષા પૂરી રીતે રદ કરવા અંગે બે પ્રકારના અભિપ્રાયો મુખ્યત્વે અપાઈ રહ્યા છે, 'નીટ'ની સંપૂર્ણ પરીક્ષા રદ કરીને તમામ વિદ્યાર્થીઓની પુનઃ પરીક્ષા લેવી તેવો એક અભિપ્રાય છે, અને બીજો

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

એસઆઈટીની તપાસના રિપોર્ટ પછી કડક કાર્યવાહી

હાથરસ ભાગદોડ કેસમાં એસડીએમ અને સી.ઓ. સહિત ૬ અધિકારીઓને કરાયા સસ્પેન્ડ

લખનૌ તા. ૯: હાથરસ ભાગદોડ કેસમાં યોગી સરકારે રચેલી એસઆઈટી તપાસના રિપોર્ટ પછી એસડીએમ અને સી.ઓ. સહિત ૬ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હવામાં આવ્યા છે.

હાથરસ ભાગદોડ કેસમાં એસઆઈટીએ ગયા શુક્રવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને તપાસ રિપોર્ટ સોંપ્યો હતો. જેમાં ૧૦૦ લોકોના નિવેદન નોંધવામાં આવ્યા હતાં. હવે આ રિપોર્ટના આધારે કાર્યવાહી કરવામાં આવી છે. આ રિપોર્ટના આધારે એસડીએમ અને સીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. સરકારે બંનેને સસ્પેન્ડ કર્યા છે, તે ઉપરાંત બીજા ચાર અધિકારીઓને પણ સસ્પેન્ડ કરાયા હોવાનું જાણવા મળે છે. આમ એસડીએમ અને સીઓ સહીત કુલ છ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

એસઆઈટીના રિપોર્ટ પછી આ કાર્યવાહી કરવામાં આવી છે. એડીજી આગ્રા અને અલીગઢ કમિશનરના નેતૃત્વમાં કેસની તપાસ ચાલી રહી છે. દુર્ઘટના બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસના નિર્દેશ આપ્યા હતાં. આ માટે તેમણે એક કમિટિ પણ બનાવી હતી.

એસઆઈટીમાં એડીજી આગ્રા ઝોન અનુપમ કુલશ્રેષ્ઠ અને ડિવિઝનલ કમિશ્નર ચૈત્રા વીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમને સરકાર દ્વારા ૨૪ કલાકમાં તપાસ રિપોર્ટ સોંપવા સૂચના આપવામાં આવી હતી. જો કે સરકાર દ્વારા ગયા બુધવાર સુધીમાં અહેવાલ સુપરત કરવાની સૂચના આપવામાં આવી હતી, પરંતુ સીએમ યોગીએ ઘટનાસ્થળની મુલાકાત લઈને રાહત અને બચાવ કાર્યને ઝડપી બનાવવાના કારણે તપાસ અહેવાલ નિર્ધારિત સમયગાળામાં રજુ કરી શકાયો નથી.

આ પછી અધિકારીઓએ પોતાનો તપાસ રિપોર્ટ તૈયાર કરવા માટે સરકાર પાસે ત્રણ દિવસનો વધારાનો સમય માંગ્યો હતો. હવે તપાસ રિપોર્ટ આવ્યા પછી સરકાર આગામી દિવસોમાં શું પગલા ભરે છે તેના પર સૌની નજર મંડાયેલી હતી.

હાથરસના મુદ્દે સુપ્રિમ કોર્ટમાં અરજી થઈ છે, જેની સુનાવણી ૧૨ જુલાઈના થશે, તેવા અહેવાલો આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે ઉત્તર પ્રદેશના હાથરસમાં બાબા સાકર હરિના સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે આ કાર્યક્રમમાં ૮૦ હજાર લોકોને ભાગ લેવા માટે વહીવટીતંત્ર દ્વારા મંજુરી આપવામાં આવી હતી, પરંતુ ૨.૫ લાખથી વધુ લોકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ પૂરો થયા પછી લોકોનો બહાર જવાનો સમય થયો ત્યારે નાસભાગ મચી ગઈ હતી. જેમાં સંખ્યાબંધ લોકોના મૃત્યુ થયા હતા અને ઘણાં લોકો ઘાયલ થયા હતાં.

જન્માષ્ટમી સ્પેશ્યલ
અહદ્દા ટ્રિબીયમ ગ્રુપ દ્વારા 6N/7D
દુબઈ
23/24-ઓગષ્ટ-2024
આગમ ટુર્સ - રાજકોટ
94 28 28 79 19
88 66 22 38 91

અમરેલી-અરવલ્લીમાં અમૃતવર્ષાઃ ખેડૂતો ખુશઃ

જાફરાબાદ જળબંબાકારઃ માલપુરમાં મુશળધારઃ ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદથી જનજીવન પ્રભાવિત

અમદાવાદ તા. ૯: જાફરાબાદમાં ધોધમાર વરસાદ થતા કેટલાય વિસ્તાર જળબંબાકાર થયા છે અને બજારોમાં ચારે તરફ પાણી પાણી થયું છે. જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ પડ્યો છે. બીજી તરફ અરવલ્લીના માલપુરના રોડ રસ્તાઓ પરથી નદી વહેતી હોય તેવા દૃશ્યો ખડા થયા છે.

અમરેલીના જાફરાબાદમાં ધોધમાર વરસાદ આવ્યો છે. જેમાં જાફરાબાદમાં ધોધમાર વરસાદથી જળબંબાકારના દૃશ્યો સામે આવ્યા છે. જાફરાબાદની બજારોમાં ચારે તરફ પાણી પાણી જોવા મળ્યું છે, તેમજ જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ આવતા સ્થાનિકોને હાલાકી પડી રહી છે, તેમજ અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ છવાયો છે.

જાફરાબાદ શહેરમાં ધોધમાર વરસાદ જળ બંબાકાર થયું છે. જેમાં જાફરાબાદની બજારોમાં ચારે તરફ પાણી પાણી થયું છે. ૪૦ મિનિટ કરતા વધુ સમયથી વરસાદ સતત ધોધમાર વરસી રહ્યો છે. તેમાં જાફરાબાદ તાલુકાના મોટાભાગના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ આવ્યો છે. તેમજ લાંબા વિરામ પછી દરિયાઈ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં વરસાદ ખાબક્યો છે.

અરવલ્લી જિલ્લામાં ચોમાસાના આગમન પછી માલપુર અને બાયડ પંથકમાં વાવણી લાયક વરસાદ ન થતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી હતી, ત્યારે માલપુર પંથકમાં મેઘરાજા મહેરબાન થતાં ધોધમાર વરસાદને પગલે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતાં.

માલપુરના રોડ-રસ્તાઓ પરથી નદી વહેતી હોય તેવા દૃશ્યો જોવા મળ્યા હતાં, તેમજ ખેડૂતોમાં આનંદ છવાયો હતો. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા અસહ્ય ગરમી અને બફારાથી ત્રાહિમામ્ પોકારી ઊઠેલા લોકોને હાશકારો થયો હતો. માલપુર પંથકમાં મુશળધાર વરસાદ છતાં માલપુર તંત્ર જાણે અજાણ હોય તેમ જણાઈ આવ્યું હતું. માલપુર પંથકમાં નદી વહોના દૃશ્યો જોવા મળતા આખરે ૧૧ એમએમ વરસાદ પડ્યો હોવાના તંત્રએ આંકડા જાહેર કર્યા હતાં.

માલપુર પંથકમાં સોમવારે વહેલી સવારે કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબકતા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતાં. ખેતરો પાણીથી તરબોળ થતાં ખેડૂતોમાં આનંદ છવાયો હતો. માલપુર નગરમાં રોડ-રસ્તાઓ પરથી નદીઓ વહી હતી. વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહેલા ખેડૂતો અને લોકો ખુશીથી ઝુમી ઊઠ્યા હતાં. ખેતી પાકને નવજીવન મળતા ખેડૂતોએ હાશકારો અનુભવ્યો હતો.

રાજ્યમાં બે વરસાદી સિસ્ટમ સક્રિય થતા મેઘાવી માહોલઃ

ગુજરાતના ૭૭ તાલુકાઓમાં અડધાથી ચાર ઈંચ વરસાદ

અમદાવાદ તા. ૯: ગુજરાતના ૭૭ તાલુકાઓમાં છેલ્લા ૨૪ કલાકમાં અડધાથી ચાર ઈંચ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં બે વરસાદી સિસ્ટમ સક્રિય થતા મેઘાવી માહોલ જામ્યો છે.

ગુજરાત રાજ્યમાં વરસાદની ગતિ ધીમી પડી છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૭ તાલુકામાં વરસાદ આવ્યો છે તેમજ ૪ તાલુકાઓમાં ૧ ઈંચ કરતા વધુ વરસાદ પડ્યો છે. જેમાં સૌથી વધુ પ્રાંતિજમાં સાડાત્રણ ઈંચ વરસાદ આવ્યો છે. તલોદમાં ૨ ઈંચ, લોધિકામાં દોઢ ઈંચ વરસાદ તથા ભુજ અને નખત્રાણામાં ૧-૧ ઈંચ વરસાદ સાથે વાપી, કપરાડા, સુરતમાં અડધો ઈંચ વરસાદ આવ્યો છે.

ઉલ્લેખનિય છે કે, રાજ્યમાં વરસાદી સિસ્ટમ સક્રિય થઈ હોવાથી ઘણાં વિસ્તારોમાં વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું છે, જેને પગલે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૭૭ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ પ્રાંતિજમાં સાડાત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. તલોદમાં બે ઈંચ, રાજકોટના લોધિકામાં સવા ઈંચ વરસાદ વરસ્યો હતો. ભુજ અને નખત્રાણામાં એક-એક ઈંચ, વલસાડના વાપીમાં, કપરાડામાં, સુરત શહેરમાં અને ડાંગના આહવામાં પોણો ઈંચ વરસાદ નોંધાયો હતો.

આજે ગુજરાતના સાત જિલ્લા અને બે સંઘ પ્રદેશમાં ગાજવીજ સાથે વરસાદ આવી શકે છે. અરવલ્લી, મહિસાગર, દાહોદ અને પંચમહાલમાં આજે વરસાદનું હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે. તેમજ સુરત, નવસારી અને વલસાડમાં પણ વરસાદ વરસી શકે છે. સંઘ પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીમાં પણ ભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે રાજ્યમાં સીઝનનો અત્યાર સુધીમાં કુલ સરેરાશ ૨૩.૪૦ ટકા વરસાદ વરસ્યો છે, જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં સીઝનનો અત્યાર સુધીમાં ૩૦.૫૭ ટકા, કચ્છ ઝોનમાં ૨૬.૮૭ ટકા, દ. ગુજરાત ઝોનમાં ૨૭.૦૮ ટકા અને મ.ગુજરાતમાં ૧૫.૧૫ ટકા વરસાદ તથા ઉત્તર ગુજરાતમાં સીઝનનો અત્યાર સુધીમાં ૧૬.૩૨ ટકા વરસાદ નોંધાયો છે.